અર્જુન મુંડાનું હેલીકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત

દુર્ઘટનામાં તમામ લોકોનો બચાવ થયો : મુખ્યમંત્રી મુંડાને પગ અને ખભામાં ઈજા થઈ

રાંચી,તા.૯

ઝારખંડના મુખ્યમંત્રી અર્જુન મુંડા આજે હેલિકોપ્ટર દુર્ઘટનામા ચમત્કારિક રીતે બચી ગયા હતા. મુંડાને ખૂબ ઓછી ઈજાઓ થતા તેમના સમર્થકોને પણ રાહત થઈ હતી. રાંચી વિમાની મથક પર ઉતરાણ કરતી વેળા ઝારખંડના મુખ્યમંત્રી મુંડાનુ હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયુ હતુ. મુંડાને પગ અને ખભા ઉપર ઈજા થઈ હતી. સારવાર અર્થે મુંડાને અપોલો હોસ્પિટલમા દાખલ કરાયા હતા. આ દુર્ઘટનામા પાયલોટને પણ ગંભીર ઈજા થઈ હતી. મુખ્યમંત્રીનુ હેલિકોપ્ટર રાંચીથી આશરે ૧૦૦કિલોમીટરના અંતરે સ્થિત સરાયકેલા-ખરસાવા જિલ્લામાં કુચાઈમાં ઉતરાણ કરતી વેળા દુર્ઘટના ગ્રસ્ત થઈ ગયુ હતુ. આ દુર્ઘટના બપોરના ગાળામા બનતા તંત્રમા ભાગદોડ મચી ગઈ હતી. ઉતરાણ કરવામા નિષ્ફળ રહેતા હેલિકોપ્ટર બપોરે ૧૨ વાગે બીરસા મુંડા વિમાની મથક પર પહોંચી ગયુ હતુ. રાંચી એરપોર્ટ પર ઉતરાણ કરતી વેળા આ દુર્ઘટના સર્જાઈ હતી. દુર્ઘટના સર્જાઈ ત્યારે મુખ્યમંત્રીની સાથે તેમની પત્ની, તેમના પ્રાઈવેટ સેક્રેટરી અને એક ધારા સભ્ય સહિત પાંચ લોકો હતો.

અપોલો હોસ્પિટલના ડિરેક્ટરે કહ્યુ છે કે મુખ્યમંત્રી અર્જુન મુંડાની તબીયત સુધારા ઉપર છે અને ખતરાની વાત નથી. મુંડાની તબીબી ચકાસણી કરી લેવામા આવી છે. મુંડા લોકો સાથે વાતચીત કરવાની સ્થિતિમાં છે. દરમિયાનમાં ડીજીસીએ દ્વારા સમગ્ર મામલામા તપાસનો આદેશ આપી દેવામા આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે હેલિકોપ્ટર દુર્ઘટનામાં અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી દોરજી ખાંડુનુ અવસાન થયુ હતુ. આ ઉપરાંત ૨૦૦૯માં આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી વાયએસ રાજશેખર રેડ્ડીનુ પણ હેલિકોપ્ટર દુર્ઘટનામા મોત થયુ હતુ. ૧૨.૨૫ વાગેની આસપાસ આ બનાવ બન્યો હતો. મુંડા અને તેમના પત્ની એક કાર્યક્રમના ભાગરુપે સરાઈકેલા જઈ રહ્યા હતા. વિમાની મથકથી ઉડાણ ભર્યા બાદ તેમા ખામી સર્જાઈ હતી. પાયલોટે હેલિકોપ્ટરને ઉતારવાના બે વખત નિષ્ફળ પ્રયાસ કર્યા હતા. આ હેલિકોપ્ટર રનવે પર ૮ ફુટ ની ઉંચાઈથી ત્રીજા પ્રયાસમા નીચે પડતા પાયલોટને ગંભીર ઈજા થઈ હતી. આ હેલિકોપ્ટર ઓગસ્ટા ૧૦૯ હતુ. ૪૪ વર્ષીય મુંડાને આઈસીયુમા પહેલા રાખવામાં આવ્યા હતા. હેલિકોપ્ટર દુર્ઘટના મામલા તપાસ રિપોર્ટ ટુકમા મળે તેવી શક્યતા છે.

કોંગ્રેસમાં ગેરશિસ્તને ચલાવાશે નહીં : સોનિયા

નવી દિલ્હી,તા.૯

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ આજે આક્રમક વલણ અપનાવતા કહ્યું હતું કે પક્ષમાં ગેરશિસ્તને કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં. સોનિયા ગાંધીએ હ્યું હતું કે તમામ લોકોની નજર કોંગ્રેસ પાર્ટી ઉપર ટકેલી છે. આવનાર ચૂંટણીની તૈયારીઓમાં કોંગ્રેસ પાર્ટીનો સભ્યો વ્યસ્ત બની જાય તે અતિ જરૂરી છે. કોંગ્રેસ સંસદીય પાર્ટીની બેઠકમાં પક્ષના સભ્યોને અગાઉના ચૂંટણી પરિણાોથી બોધપાઠ લેવા અપીલ કરીને સોનિયા ગાંધીએ કહ્યું હતું કે પક્ષના નેતાઓને જૂથવાદને છોડી દઈને એક શિસ્ત ટીમ તરીકે આગળ વધવાની જરૂર છે. આવનાર મહિનાઓમાં પક્ષને ઘણા રાજ્યોમાં ચૂંટણીનો સામનો કરવાનો છે. એક માત્ર મહત્વપૂર્ણ કારણ એ છે કે જૂથવાદના કારણે હાલત ક્ફોડી બની શકે છે. તેમણે ઉમેર્યું હતું કે લોકોની પક્ષ પાસેથી ખૂબ સારી આશા છે. ચૂંટણીમાં જીત મેળવવા લોકોની

સમક્ષ કટિબદ્ધતા દર્શાવવી પડશે. બેઠકમાં વડાપ્રધાન મનમોહનસિંહ પણ ઉપસ્થિત રહ્યા હતા. ઉત્તર પ્રદેશ સહિત પાંચ રાજયોમાં વિધાનસભાની ચૂંટણીમાં આવેલા ચૂંટણી પરિણામોનો ઉલ્લેખ કરતા સોનિયા ગાંધીએ કહ્યું હતું કે આ બાબતથી સંતોષ કરી શકાય છે કે મણિપુરમાં ત્રીજી વખત કોંગ્રેસ પાર્ટી સત્તામાં આવી છે જયારે ઉત્તરાખંડમાં સરકાર બનાવવામાં સફળતા મળી છે. પરંતુ પંજાબ અને ગોવાના પરિણામ ખૂબ જ નિરાશાજનક રહ્યા છે. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે ઉત્તર પ્રદેશમાં પરિણામો અપેક્ષા મુજબના રહ્યા નથી પરંતુ વોટની ટકાવારી વધી છે. છેલ્લા ૨૨ વર્ષમાં પ્રથમ વખત કોંગ્રેસ પાર્ટીને મતદારોએ ગંભીરતાથી લીધી છે. ચોક્કસપણે અન્ય રાજયોની સરખામણીમાં ઉત્તર પ્રદેશમાં ઘણું કામ કરવાનું બાકી છે. બેઠકમાં ગાંધીએ એમ પણ કહ્યું હતું કે એનસીટીસી ઉપર જારી મતભેદ અને મડાગાંઠને દૂર કરવા માટે કેન્દ્ર અને રાજય વચ્ચે સંકલન ખૂબ જ જરૂરી છે. ગાંધીએ એમ પણ કહ્યું હતું કે યોજનાઓ માટે માત્ર નાણાં આપવાની બાબત પૂરતી નથી. નાણાં યોગ્ય લોકો અને જરૂરિયાત વાળા લોકો સુધી પહોંચે તે જરૂરી છે.

લોકપાલ બિલના મામલે સર્વસમંતિના પ્રયાસો શરૂ

નવી દિલ્હી,તા.૯

યુપીએ સરકાર લોકપાલ બિલના મામલે સર્વસમંતિ સાધવાના તમામ પ્રયાસ કરી રહી છે પરંતુ લોકપાલ બિલના મામલે કોઈપણ સફળતા હજુ સુધી હાથ લાગી નથી. રાજયસભામાં ગુંચવણભરી સ્થિતિ પ્રવર્તી રહી છે. ટીમ અણ્ણાના આંદોલનના પરિણામ સ્વરૂપે યુપીએ સરકાર ઉપર દબાણ પણ વધી રહ્યું છે. લોકપાલ બિલ મામલે તમામ રાજકીય પક્ષો સાથે વાતચીત ચાલી રહી છે. જો કે રાજય સભામાં તરત આને સફળતા મળે તેવી શકયતા દેખાઈ રહી નથી. રાજયસભામાં આ બિલ પેન્ડીંગ છે. સરકારને શ્રેણીબદ્ધ સુધારા કરવાની જરૂર છે. બિલની ઘણી જોગવાઈઓને લઈને રાજકીય પક્ષો વાંધો ઉઠાવી રહ્યા છે. સુધારાને કોંગ્રેસના સાથી પક્ષો ટેકો આપી ચૂક્યા છે જેમાં પીએમસી અને ડીએમકેનો સમાવેશ થાય છે. ઘણા પ્રાદેશિક પક્ષો અને ડાબેરીઓ પણ સુધારાને ટેકો આપી રહ્યા છે.

ભારતની સરંક્ષણ અંગે ફાળવણીમાં નોંધપાત્ર વધારો કરવાની માંગણી

નવી દિલ્હી,તા. ૯

ચીન અને પાકિસ્તાન વચ્ચે લશ્કરી સાઠગાંઠ દિનપ્રતિદિન વધુ મજબૂત બની રહી છે આવી સ્થિતિમાં આ બંને દેશો તરફથી બેવડા ખતરાનો સામનો કરવા સરંક્ષણ પ્રધાન એ કે એન્ટોનીએ સરંક્ષણ ફાળવણીમાં જંગી વધારો કરવાની માંગણી કરી છે. એન્ટોનીએ રાજયસભામાં જણાવ્યું છે કે તેઓ સરંક્ષણ ફાળવણીમાં જંગી વધારો કરવામાં આવે તેમ ઈચ્છે છે. તેઓએ વર્ષ ૨૦૧૨-૧૩ના બજેટમાં સરંક્ષણ ફાળવણીમાં વધારો કરવાની માંગ કરીને કહ્યું છે કે આનાથી ઘણા પડકારોને પહોંચી વળવામાં મદદ મળશે. વર્ષ ૨૦૧૨-૧૩ના સરંક્ષણ બજેટમાં ફાળવણી ૧૯૩૪૦૮ કરોડ રૂપરિયા અથવા તો આશરે ૩૯ અબજ ડૉલર હતી. હવે એન્ટોનીએ આ સરંક્ષણ ફાળવણીમાં વધારો કરવાની રજૂઆત કરી છે. તેમનું કહેવું છે કે ચીન અને પાકિસ્તાન વચ્ચે લશ્કરી સાઠગાંઠ દિનપ્રતિદિન વધી રહી છે. સાથે સાથે આ બંને દેશો ભારત સામે બેવડા ખતરા તરીકે પણ ઊભરી રહ્યા છે. આવા સમયમાં ભારતની સરંક્ષણ જરૂરિયાતો અને તાકાતમાં વધારો કરવામાં આવે તે જરૂરી છે.

હથિયારોમાં પણ વધારો કરવામાં આવે તે જરૂરી છે. બદલાઈ રહેલી સ્થિતિના અનુસંધાનમાં સરંક્ષણ બજેટમાં ફરી નજર કરવામાં આવી રહી છે. અગાઉ એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આ અંગેના અહેવાલ અપાયા હતા કે ચીન અને પાકિસ્તાન એક સાથે બે મોરચા ઉપર આગળ વધી રહ્યા છે જેથી ભારતને તેની પ્રોએક્ટિવ વ્યૂહરચના ઉપર ધ્યાન આપવાની જરૂર છે. સરંક્ષણ દળોએ આ નાણાંકીય વર્ષમાં ૨૩૯૧૨૩ કરોડની સરંક્ષણ ફાળવણીની માંગ કરી હતી. આ રકમ વર્ષ ૨૦૧૨-૧૩ માટેના અંદાજિત જીડીપીના ૨.૩૫ ટકાની આસપાસ છે પરંતુ માત્ર ૧૯૩૪૦૮ કરોડની રકમ મળી હતી જે અંદાજિત જીડીપીના ૧.૯ ટકાની આસપાસ છે. સેનાના વડા વી કે સિંહે સેનાની ઓપરેશનલ ક્ષમતાને લઈને હાલમાં જ પ્રશ્નો ઉઠાવ્યા હતા. સાથે સાથે એમ પણ કહ્યું હતું કે પડોશી દેશો સાથે ભારતના સંબંધ એકદમ સારા રહ્યા નથી. આવા સમયમાં સરંક્ષણ તૈયારીઓ તરફ ધ્યાન આપવાની જરૂર છે. વી કે સિંહની રજૂઆત બાદ સરકારે ગંભીર વિચારણા હાથ ધરી છે. સરંક્ષણ ફાળવણીને નવા પડકારોને હાથ ધરવા વધારવામાં આવશે. વિપક્ષના નેતા અરુણ જેટલીએ ભારતની વ્યૂહાત્મક નીતિના મહત્વ અંગે પ્રશ્ન કરતા એન્ટોનીએ આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે સરંક્ષણ તૈયારીઓ બદલાતી ભૌગોલિક વ્યૂહરચના ઉપર આધારિત હોય છે. જેટલીએ કહ્યું હતું કે ભારતને હમેશા તૈયાર રહેવું જોઈએ. ચીન અને પાકિસ્તાનને લઈને સાવધાન રહેવાની જરૂર છે. એન્ટોનીએ કબૂલાત કરી હતી કે સેનાની લશ્કરી ક્ષમતાને વધારવા કેટલીક યોજનાઓ હાથ ધરવામાં આવી ચૂકી છે પરંતુ આ યોજનાને ઝડપી બનાવાની જરૂર છે. વ્યૂહાત્મક રોડ અને રેલ જોડાણ મારફતે સરહદી માળખાને વધુ વ્યવસ્થિત બનાવાની જરૂર છે. જો ચીન તિબેટમાં વ્યૂહાત્મક લશ્કરી ક્ષમતાને વધારી શકે છે તો ભારત પણ અરુણાચલ પ્રદેશ, શિક્કીમ અને અન્ય ક્ષેત્રોમાં ક્ષમતા વધારી શકે છે. બે નવી ઈન્ફેંટ્રી ડિવિઝન વધારવામાં આવી રહી છે જે નાગાલેન્ડના જાકામા અને આસામમાં મિસામારી ખાતે તૈનાત રહેશે. આ બંને નવી ઈન્ફેંટ્રી ડિવિઝનમાં ક્રમશ ૧૨૬૦ ઓફિસરો અને ૩૫૦૧૧ સૈનિકો રહેશે. આ ઉપરાંત સંયુક્ત હવાઈ સુરક્ષા સેન્ટરમાં પણ ધ્યાન આપવામાં આવશે.

ઓનર કીલીંગને ઉત્તર પ્રદેશના ડીઆઈજીના ટેકાથી નવો જ વિવાદ

લખનૌ,તા.૯

ઉત્તર પ્રદેશના એક ટોચના પોલીસ અધિકારીએ ખુલ્લી રીતે ઓનર કીલીંગની તરફેણ કરતા ભારે હોબાળો મચી ગયો છે. આ આઘાતજનક નિવેદનથી ઉત્તર પ્રદેશના રાજકીય વાતાવરણમાં ગરમી જામી છે. આ બનાવ પ્રભુતનગર જિલ્લામાં બન્યો હતો. જ્યાં સાહરનપુર રેન્જના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ (ડીઆઈજી) સતિષ કુમાર માહુરે પોલીસ સ્ટેશનની રૂટિંગ ચકાસણી કરી હતી અને કાયદો અને વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. આ ગાળા દરમિયાન પ્રભુતનગર જિલ્લાના કેશવા ગામનો એક નિવાસી સોકિન મોહમ્મદ તેમની પાસે આવ્યો હતો અને તેની લાપત્તા થયેલી પુત્રીને શોધી કાઢવામાં મદદ કરવા ડીઆઈજીને અપીલ કરી હતી પરંતુ સોકિંન એવી વાત સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગયો હતો જેમાં ડીઆઈજીએ તેને કહ્યું હતું કે જો કોઈની સામે ભાગી ગઈ છે તો તેની પુત્રીની હત્યા કરી દેવામાં આવે. જો તેમની પુત્રી રહી હોત તો તેઓ હત્યા કરી ચૂક્યા હોત. ૧૪ વર્ષીય શોકિંનની પુત્રીનું તેમના જ ગામના એક શખ્સે આશરે એક મહિના અગાઉ અપહરણ કરી લીધું હતું. પુત્રીની સુરક્ષાને લઈને પિતા ચિંતિત દેખાઈ રહ્યા હતા. તેની પુત્રી ઉપર બળાત્કાર ગુજારાશે અથવા તો હત્યા કરી દેવામાં આવશે એ બાબતથી પિતા દહેશતમાં હતા અને આખરે પોલીસ સમક્ષ રજૂઆત માટે પહોંચ્યા હતા. ગામના કેટલાક લોકોની સાથે શોકિંન ડીઆઈજી સામે રજૂઆત માટે પહોંચ્યા હતા. જો કે ડીઆઈજીએ પિતાને હિંમત અને રાહત આપવાના બદલે આશ્ચર્યજનક નિવેદન કરીને તમામ લોકોને ચોંકાવી દીધા હતા. આ ડીઆઈજીએ કહ્યું હતું કે તેમની પાસે પુત્રીને શોધી કાઢવા માટે કોઈ જાદુઈ તાકાત નથી પરંતુ જો તેની પુત્રી ભાગી ગઈ હશે તો તેની હત્યા કરી નાખવી જોઈએ. જો તેમની પુત્રી અથવા બહેન રહી હોત તો હત્યા કરી દીધી હોત. ડીઆઈજીનું આ નિવેદન પત્રકારોએ વીડીયો કેમેરામાં લઈ લીધું છે. તેમના નિવેદન અંગે પૂછવામાં આવતા ડીઆઈજીએ હવે રદિયો આપ્યો છે પરંતુ ભોગ બનેલાના પિતાએ કહ્યું છે કે અધિકારીઓનું નિવેદન આ પ્રકારનું જ હતું. ફરિયાદના આધાર ઉપર પોલીસે બે લોકોની સામે કેસ નોંધી તપાસ હાથ ધરી છે.

૩૦ એનજીઓના ખાતા ફ્રીઝ કરાયા અને ૭૦ પર પ્રતિબંધ

નવી દિલ્હી,તા. ૯

યુપીએ સરકારે કાયદાઓનો ભંગ કરવાના આક્ષેપો થયા બાદ ૩૦ એનજીઓના ખાતા ફ્રીઝ કરી દીધા છે. જ્યારે અન્ય ૭૦ સ્વૈચ્છિક સંસ્થાઓ પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. જેથી આ સંસ્થાઓ હવે વિદેશમાંથી કોઈ નાણાં મેળવી શકશે નહી. કેન્દ્રિય ગૃહ રાજ્ય પ્રધાન મુલ્લીપલ્લી રામચન્દ્રને રાજ્યસભામાં વધુ માહિતી આપતા કહ્યું હતું કે આવા ૨૪ કેસો સીબીઆઈને પણ રીફર કરવામાં આવ્યા છે. જ્યારે અન્ય સાત કેસો તપાસ માટે રાજ્ય પોલીસને સોંપી દેવામાં આવ્યા છે. તેમણે વધુમાં માહિતી આપતા કહ્યું હતું કે ૩૦ એનજીઓના ખાતાઓ ફ્રીઝ કરી દેવાયા છે. આ ખાતાઓ પ્રાથમિક પરવાનગી કેટેગરીમાં મુકી દેવામાં આવ્યા છે. જ્યારે ૭૦ ખાતાઓને વિદેશમાંથી કોઈ દાન ન મળે તેવી કેટેગરીમાં મુકી દેવામાં આવ્યા છે. પ્રધાને કહ્યું હતું કે વર્ષ ૨૦૦૭-૦૮માં જુદી જુદી બિન સરકારી સંસ્થાઓને વિદેશી દાન તરીકે ૯૯૪૬.૯૧ કરોડની રકમ મળી હતી. જ્યારે વર્ષ ૨૦૦૮-૦૯માં એનજીઓ દ્વારા વિદેશી દાન તરીકે ૧૦૯૯૩.૫૬ કરોડની રકમ મળી હતી.

અંતે માયાવતીના ગ્રેટર નોયડા એરપોર્ટ પ્રોજેક્ટને રદ્દ કરાયો

નવી દિલ્હી,તા.૯

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમા ઉત્તર પ્રદેશ સરકારે ભૂતપૂર્વ મુખ્યમંત્રી માયાવતીની ગ્રેટર નોએડા એરપોર્ટ પ્રોજેક્ટને રદ્દ કરી દેવાનો નિર્ણય કર્યો છે. ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ પ્રોજેક્ટ રદ્દ કરવામા આવ્યા બાદ બહુજન સમાજ પાર્ટીના સભ્યોમાં નારાજગીનુ મોજુ ફરી વળ્યુ છે.

બસપના સભ્યોનુ કહેવુ છે કે દ્વેશ ભાવ રાખીને માયાવતીના પ્રોજેક્ટને રદ્દ કરવામા આવ્યો છે. બીજી બાજુ સરકારે કહ્યુ છે કે આના માટે કેન્દ્ર સરકારની મંજૂરી મળી નથી. વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યુ હતુ કે રાજ્ય સરકારે આ પ્રોજેક્ટને રદ્દ કરવાના નિર્ણય કર્યો છે કારણ કે કેન્દ્ર તરફથી મંજૂરી મળી રહી ન હતી. આગ્રા અને મથુરા વચ્ચે એરપોર્ટ પ્રોજેક્ટને લીલીઝંડી મળી ન હતી. માયાવતી સરકારે અગાઉ આ પ્રોજેક્ટને આગળ વધારવાનો નિર્ણય કર્યો હતો પરંતુ તેમની સરકાર જતી રહી હતી કારણ કે ઉત્તર પ્રદેશમા યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીની જીત થઈ હતી જ્યારે તેમની પાર્ટીની હાર થઈ હતી. ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકથી ૧૦૦ કિલોમીટરથી પણ ઓછા અંતરે સ્થિત જેવલ ખાતેના ઈન્ટરનેશનલ એરપોર્ટ બનાવવાની યોજના છે. તેમ આ અધિકારીએ કહ્યુ હતુ. તેમણે ઉમેર્યુ હતુ કે જમીન શોધી કાઢવાની પ્રક્રિયા એક મહીનાની અંદર પરિપૂર્ણ કરી લેવામા આવશે. જમીન શોધી કાઢયા બાદ જમીન લેવાની પ્રક્રિયા શરૂ કરવામા આવશે. વારંવારની વિનંતી છતા બસપને પણ અગાઉ આ પ્રોજેક્ટ માટે મંજૂરી ન હતી.

માઓવાદીઓએ દક્ષિણી રાજ્યોમાં નેટવર્ક ફેલાવ્યુ

નવી દિલ્હી,તા.૯

દેશના જુદા જુદા ભાગોમા માઓવાદીઓ ઘુષણખોરી કરવાના પ્રયાસ કરી રહ્યા છે. મળેલી માહિતી મુજબ કર્ણાટક, કેરળ અને તમિલનાડુ સહિતના રાજયોમા પણ માઓવાદીઓ તેમની પ્રવૃતિ ફેલાવી રહ્યા છે. પંરપરાગત રેડ ઝોનમાથી બહાર નીકળીને માઓવાદીઓ અન્ય વિસ્તારમા પણ નેટવર્ક ફેલાવી રહ્યા છે. સરકારે આજે કહ્યુ હતુ કે માઓવાદીઓની આ પ્રવૃત્તિ ખતરનાક સાબિત થઈ શકે છે. સીપીઆઈ-માઓવાદી કર્ણાટક, કેરળ અને તમિલનાડુમા પણ ઘુષણખોરી કરી રહ્યા છે. વેસ્ટર્નઘાટથી ઈસ્ટર્નઘાટ સુધી તેમનુ નેટવર્ક ફેલાવી રહ્યા છે. રાજયસભામા એક પ્રશ્નના જવાબમા ગૃહ રાજયપ્રધાન જીતેન્દ્રસિહે આ મુજબની માહિતી આપી હતી. એક લેખિત પ્રશ્નના જવાબમા તેમણે કહ્યુ હતુ કે માઓવાદીઓ કેરળ અને કર્ણાટકમાં બેઝ બનાવવાના પ્રયાસ કરી રહ્યા છે. સરકારી સંસ્થાઓને એવુ જાણવા મળ્યુ છે કે માઓવાદી બંડખોરો કર્ણાટકના મેસુર જિલ્લા સુધી પોતાના નેટવર્કને લઈજવાની યોજના ધરાવે છે. કેન્દ્ર સરકારે કેરળ, કર્ણાટક અને તમિલનાડુને આ સંબંધમા જાણ કરી દીધી છે. તમામ જરૂરી અટકાયતી પગલા લેવા સુચના આપી દીધી છે. સીપીઆઈ (માઓવાદીઓના) પ્રયાસોને નિષ્ફળ બનાવવા માટે પોલીસ તંત્ર સંપૂર્ણપણે સાવધાન રહે તેમ પણ કહેવામા આવ્યુ છે. માઓવાદી અને અન્ય નકસવાદી સંગઠનો છત્તીસગઢ, બિહાર, ઝારખંડસ, ઓરિસ્સા, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર અને આંધ્ર પ્રદેશમા મુખ્ય રીતે હાલ સક્રિય થયેલા છે. આ સાત રાજયો ઉપરાંત અન્ય રાજયોમાં પણ નેટવર્ક સ્થાપવના પ્રયાસ થઈ રહ્યા છે જેમા ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશનો સમાવેશ થાય છે. એમ માનવામા આવે છે કે રેડ સંગઠનોએ નવા રાજયમા તેમની ઘુષણખોરી શરૂ કરી છે. સુરક્ષા સંસ્થાઓએ છેલ્લા એક વર્ષમાં પરંપરાગત ગઢમા હુમલાની સાથે સાથે અન્યત્ર પણ કાર્યવાહી કરી છે.

ઇન્ડિયન એરલાઈન્સના ૧૨૦ પ્રવાસીનો બચાવ

શ્રીનગર,તા.૯

શ્રીનગર જતા ૪૪૭ ઈન્ડિયન એરલાઈન્સના વિમાનના ૧૨૦ યાત્રીઓનો આજે ચમત્કારિક બચાવ થયો હતો. કારણ કે આ વિમાનના ટાયર પછડાયા બાદ લેહ વિમાની મથકે રનવે ઉપર આગ ફાટી નિકળી હતી. શ્રીનગરમા ઈન્ડિયન એરલાઈન્સના મેનેજર મોહંમદ ઈકબાલે માહિતી આપતા કહ્યુ હતુ કે આ નાનકડી સમસ્યા હતી. ટાયરો પૈકી એકમાં ડિફલેક્શનની બાબતને મોટી દુર્ઘટના ગણી શકાય નહીં. જો કે યાત્રીઓ પૈકીના એક દેવીન્દર બત્રાએ કહ્યુ હતુ કે બ્રેકનો ઉપયોગ કર્યા બાદ તરત જ ટાયરમા આગ ફાટી નિકળી હતી. સવારે ૭.૪૫ વાગે લેહ વિમાની મથકથી આ વિમાન ઉડાણ ભરી રહ્યુ હતુ જો કે તમામ યાત્રીઓ બિલકુલ સુરક્ષિત છે કોઈને કોઈ પણ પ્રકારની ઈજા થઈ ન હતી.

મોન્સુન પ્લાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

વરસાદી પાણીના નિકાલ તેમજ સફાઈની જાળવણી અને નિભાણી ઉપરાંત આરોગ્ય બાબતે મહત્વના નિર્ણયો લેવામાં આવે તેવી શકયતાઓ છે.

ગાંધીનગર શહેરમાં સિવીલ હોસ્પિટલમાં ૨૦૦ પથારીની સુવિધા ઉપરાંત ખાસ સંજોગોમાં વધુ કેટલી પથારીની વ્યવસ્થા ઉભી થઈ શકે તેમ છે તેની તેમજ સેકટરોમાં આવેલ દવાખાનાઓમાં પુરતો દવાનો જથ્થો ઉપલબ્ધ કરાવવા સહિતની બાબતો અંગે ચર્ચાઓ કરાશે.

આ બેઠકમાં છેલ્લા દસ વર્ષમાં પાટનગરમાં રહેલ વરસાદની તાસીર અંગે આંકડાઓ સાથે વિગતવાર ચર્ચા કરી તેને આધાર બનાવી આ એકશન પ્લાન તૈયાર કરવામાં આવશે. ખાસ કરીને ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારો જે નદી કિનારે આવેલ છે તે ગામોના રહીશોની સલામતિ તેમજ સસ્તા અનાજની દુકાનોમાં અનાજના જથ્થાની ઉપલબ્ધિ રાખવા માટે પણ જણાવવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં હાલ વિવિધ વિસ્તારોમાં ચાલી રહેલ બાંધકામની પ્રવૃત્તિ અંગેની વિગતો સાથે ત્યાં પાણીનો ભરાવો ના થાય તે જોવા પણ વિશેષ સૂચનાઓ આપવામાં આવશે. આ ઉપરાંત વરસાદી પાણીના નિકાલ માટેના સૂચિત પગલાંઓની તૈયારીઓની વિગતો સાથે આવવા માટે તંત્રના અધિકારીઓને તાકીદ કરવામાં આવી છે.

સારી વાતોને સમાજ આવકારે છે, કહેનાર જોઈએ...

(પાના નં. ૪ નું ચાલુ)

સોમાંથી નેવુંને સારી વાતો ગમતી હોય છે પણ કહેનાર એકેય નથી હોતો. સોમાંથી દશને દુરાચરણ ગમતું હોય છે... અને દુષ્ટેવની એમને સમર્થન મળી રહે છે.

આપણા સમાજમાં તો સંતોનો અનેરો પ્રભાવ છે. સંતોની વાણી સાંભળવા લોકો આતુર હોય છે. પણ સારી વાતો સાંભળ્યા પછી જરૂર પડ્યે સારી વાત શ્રધ્ધા અને વિશ્વાસપૂર્વક કહેવાની અને કરવાની ક્ષમતા પણ માણસે નિર્માણ કરવી જોઈએ. એ માટે મનને આચાર-વિચારની એકરૂપતાના શ્રેષ્ઠ ભાવમાં લઈ જઈ જોઈએ.

એક નાનું ગામ. પાંચેક હજારની વસ્તી. ગ્રામજનોના આરોગ્યરક્ષણ માટે એક નાનું દવાખાનું જેમાં ૧૫-૨૦ દરદીઓને સમાવવાની વ્યવસ્થા.

ગામના એક નાના બાળકના મનમાં એક દિવસ એક સુંદર વિચાર સ્ફુર્યો. સાતમા ધોરણમાં ભણતા આ વિદ્યાર્થીના ઘરમાં એની માતા... પરિવારમાં બીજું કોઈ નહીં. ઘરની સ્થિતિ અત્યંત સામાન્ય. માતા બાળકને રોજ દશ પૈસા વાપરવા માટે આપે. બાળકને થયું, રોજ આ દશ પૈસાના ચણા-મમરા ખાઈ જવા એના કરતાં અનો કંઈક સારો ઉપયોગ કર્યો હોય તો કેવું?

...અને એ ગયો દાતણ વેચનારી પાસે, દસ પૈસાનાં ચાર દાતણ લઈને એ ગયો ગામના દવાખાને. દરેક ખાટલે દરદીની ખબર અંતર પૂછતો જાય અને જરૂરિયાતવાળાને દાતણ આપે. ચાર જ જણને દાતણ આપે. ચાર જ જણને દાતણ આપી શક્યો પણ ખબરઅંતર પૂછવાની પ્રક્રિયાએ એના મનને ખૂબ આનંદ આપ્યો. હવે તો રોજ નિશાળેથી છૂટે, દશ પૈસાના ચાર દાતણ લે અને દવાકાને પહોંચી જાય. આ એનો નિત્યક્રમ બની ગયો.

એક દિવસ દાતણવાળીએ પૂછ્યું, ''બેટા! તમે તો ઘરમાં મા-દીકરો બે જ જણા છો... તો રોજ ચાર દાતણ કેમ લઈ જાય છે?''

બાળકે કહ્યું, 'માજી! એ તો હું દવાખાને જઈ દરેક પથારીએ પથારીએ ફરીને દાતણ આપું છું!'

'એમ! તો તો દીકરા... મારાથી તારા પૈસા ન લેવાય. તું તો ભલાઈનું કામ કરે છે. રોજ મારી પાસેથી જેટલાં જોઈએ એટલાં દાતણ મફત લઈ જજે.' દાતણવાળાં ડોશીમાનો અંતરાત્મા પણ બાળકની વાત સાંભળી જાગી ઊઠ્યો.

હવે ઘરના દશ પૈસા બચવા લાગ્યા. બાળકે તેનું પોસ્ટકાર્ડ ખરીદ્યું. કોઈ દરદીનાં સગાં-વહાલાંને કંઈ જાણ કરવી હોય તો તે પોસ્ટકાર્ડ લખી આપતો.

રોજ... નિશ્ચિત સમયે... બાળકનું આગમન! બધા સાથે હસીને મીઠું મીઠું બોલતો. દરેકની ખબર પૂછતો. દરેકનું કંઈ ને કંઈ કામ કરતો. બધાનું દુઃખ-દર્દ હળવું થઈ જતું. દવાખાનાની બધી નર્સો, બધા ડૉક્ટરો અને સ્ટાફ મેમ્બરો પણ આ બાળકને સારી રીતે ઓળખી ગયાં. કોઈ એને રોકતું નહીં.

એવામાં એક દિવસ ગામના એક પ્રતિષ્ઠિત ધનવાન માણસ સારવાર માટે દવાખાનામાં દાખલ થયા. બાળકની પ્રવૃત્તિ જોઈ ખુશ થયા. ઘેર જતી વખતે બાળકને પોતાના ઘેર આવવા કહ્યું. બાળક એમને ઘેર ગયો. ધનિકે બાળકના હાથમાં રૂા. ૧૦૦/- મૂકતાં કહ્યું, 'લે, આમાંથી ફળ ખરીદજે અને જેમને આપવા જેવા લાગે તેમને દવાખાનામાં આપજે. ખૂટે એટલે ફરીથી મારી પાસેથી પૈસા લઈ જજે.'

આમ દિવસો અને વર્ષો સુધી ક્રમ ચાલ્યો. બાળક હવે યુવાન બન્યો. ગામનો માનીતો હતો. કોઈ કામ એને પૂછ્યા વિના લોકો ન કરતાં.

સારી વાતોને સમર્થન મળે જ છે. સમાજ એને મોકળા મને આવકારે છે. આવશ્યકતા છે માત્ર પ્રારંભ કરનારાઓની. હાથમાં પેન લો. એક બિન્દુ બનાવો... અને લાંબી રેખા દોરશે... રેખા અનંતમાં વિલીન થશે. બિન્દુ બિન્દુ મળીને રેખા રચાશે. સત્કર્મોનો પ્રારંભ કરો... સમાજના સથવારે, એના ટેકે ગોવર્ધન પણ ઊંચકાઈ જશે!